**સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુકત જાતિઓ તથા લઘુમતિ જાતિની વ્યકિતઓને સ્વરોજગારી માટે નાણાંકીય સહાય અંગેની માનવગરીમા યોજનાના અમલીકરણ બાબત.**

**ગુજરાત સરકાર,**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,**
**ઠરાવ ક્રમાંકઃ-સશપ/૧૪૦૭/૩૬૭/અ**
**સચિવાલય, ગાંધીનગર.**
તારીખઃ-૧૬-૩-૨૦૦૭

**વંચાણે લીધા :-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ-સશપ-૧૪૯૯-ન.બા.૯-અ તા.૯-૫-૨૦૦૦

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ-એસસીડબલ્યુ-૧૦૨૦૦૦-૫૮૩-ગ તા.૬-૨-૨૦૦૪

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ-સશપ-૧૪૯૯-ન.બા.૯-૧૩૮૨-(૪)-અ તા.૨૮-૧૨-૨૦૦૪

**ઠરાવ :-**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુકત જાતિઓ તથા લઘુમતી જાતિના ઇસમોને સ્વરોજગારી માટે નાણાંકીય સહાય આપવા માટેની માનવગરીમા યોજના ઉપર જણાવેલ ઠરાવોથી અમલમાં છે. હાલમાં ઉપર ક્રમાંક-૩માં દર્શાવેલ સરકારશ્રીના તા.૨૮-૧૨-૨૦૦૪ના ઠરાવમાં જણાવ્યા મુજબ આ યોજના હેઠળ પસંદ થયેલ વ્યવસાયો માટે રોકડ સહાયના બદલે રૂ.૩૦૦૦/-ની મર્યાદામાં ટુલકીટ/સાધનો આપવાની યોજના અમલમાં છે.

૨. પ્રસ્તુત બાબતમાં સરકારશ્રીએ કાળજીપૂર્વકની વિચારણાને અંતે, સને.૨૦૦૬-૦૭ના નાણાંકીય વર્ષ દરમ્યાન માનવ ગરીમા યોજના અંતર્ગત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુકત જાતિઓ તથા લઘુમતી જાતિના ઇસમોને ટુલકીટ/સાધનો ખરીદીને આપવાને બદલે, નીચે જણાવેલ શરતોને આધીન રોકડેથી ચૂકવણી કરવાનું ઠરાવેલ છે.

(૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો,વિચરતી અને વિમુકત જાતિઓ તથા લઘુમતી જાતિના, પસંદ થયેલ ઇસમોએ પસંદ કરેલ ધંધા/વ્યવસાયના ટુલકીટ/સાધનોની ખરીદીનું બીલ તા.૩૧-૩-૦૭સુધી

(પાછળ)

જિલ્લા કક્ષાની કચેરીએ રજુ કર્યેથી રૂ.૩૦૦૦/-ની મર્યાદામાં અરજદારના નામે એકાઉન્ટ-પે/ચેક/ડીડીથી ચૂકવણી કરવાની રહેશે.

(૨) અરજદારે રજુ કરેલ બીલને ચકાસીને નિગમે રૂ.૩૦૦૦/-(ત્રણ હજાર) સુધીની ચૂકવણી કરવાની રહેશે.

(૩) ચૂકવણી કરતાં પહેલાં નિગમે અરજદાર પાસેથી એવી બાંહેધરી મેળવી લેવાની રહેશે કે "રાજ્ય સરકારશ્રી/નિગમ ધ્વારા રૂબરૂ ચકાસણી દરમ્યાન અરજદારે ખરીદેલ ટુલકીટ/સાધનો જોવા નહીં મળે તો તેણે મેળવેલ રકમ દિન-૭માં નિગમને પરત કરવાની રહેશે."

૩. ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમે સરકારની ઉપર્યુક્ત સૂચનાઓને અનુલક્ષીને ચાલુ નાણાંકીય વર્ષના અંત સુધીમાં તમામ લાભાર્થીઓને યોજનાનો લાભ મળી જાય અને યોજનાનો હેતુ બર આવે તે માટે જરૂરી આયોજન ગોઠવવું.

૪. આ સિવાયની યોજનાની અન્ય તમામ શરતો યથાવત રહેશે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

( દિનેશ પી.કાપડીયા )
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ.
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રી
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.)
- સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.)
- વિભાગના સર્વે અધિકારીઓ
- સિલેકટ ફાઇલ.